**રે.દિ.મુ. નં.૩૧/૨૦૨૫.**

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૪–૦૬–૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૪–૦૬–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૧૦–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૯ ૧૭ |

**મે. રાણાવાવના પ્રિન્સીપાલ સીવીલ જજ એન.એલ.શર્મા સાહેબની અદાલત,**
**મુ. રાણાવાવ.**

**રેગ્યુ. દિ. મુ. નં.: ૩૧/૨૦૨૫.**
**આંક–૩૪.**

**સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,**
**થ્રુ ડેપ્યુટી મેનેજર: શ્રી સંજયભાઈ પાંચાભાઈ કોડીયાતર**
ઉ.વ.૩૬, ધંધો:નોકરી
સ્ટેટચ્યુટરી ઈનકોર્પોરેટ બોડી, હેડ ઓફીસ મુંબઈ,
બ્રાન્ચ ઓફીસ–રાણાવાવ,
તા.રાણાવાવ,જી.પોરબંદર. ..................... **વાદી.**

**વિ રૂ દ્ધ**

**રામભાઈ નાગાભાઈ આગઠ**
ઉ.વ.૩૭,
રહે.હનુમાનગઢ, જમાવાળો વેકરો,
તા.રાણાવાવ, જી.પોરબંદર. ..................... **પ્રતિવાદી.**

**બાબત : રૂા.૬,૧૧,૧૧૩–૦૦/– પૈસા ચડત વ્યાજે વસુલ મેળવવાનો.**

---

વાદીપક્ષ.........તરફે : વિ. વકીલ શ્રી એન. એમ. સત્યદેવ.
પ્રતિવાદીપક્ષ...... તરફે : વિ.વકીલ શ્રી એચ. પી. ટેવાણી.

---

**॥ ઠ રા વ ॥**

**(૧). દાવા અરજી ની હકીકત :**– વાદી બેંક ઈનકોર્પોરેટ બોડી છે અને બેકીંગને લગતુ કામકાજ કરે છે અને તેની હેડ ઓફીસ મુંબઈ ખાતે આવેલ છે અને પોરબંદર જીલ્લાના તાલુકા રાણાવાવ ગામે તેમની બ્રાંચ ઓફીસ આવેલ છે અને આ દાવા અરજીમાં સહી કરનાર વાદી બેંકની બ્રાન્ચ ના મેનેજર છે અને આ દાવાની તમામ હકીકતોથી અને રેકર્ડથી સંપુર્ણ જાણકાર તથા માહિતગાર છે.

આ કામનાં પ્રતિવાદીએ વાદી બેંક માંથી ખેતીવાડીના હેતુ માટે લોનની માંગણી કરતા કિશાન ક્રેડીટ યોજના હેઠળ **રૂા.૩,૫૮,૮૦૦/–**ની લોન વાદી બેંક દ્વારા પ્રતિવાદીને **તા.૨૩/૦૨/૨૦૧૬** નાં રોજ લોન ખાતા નં. **૩૫૫૯૧૬૬૯૬૫૮ થી** પ્રતિવાદીને આપેલ અને પ્રતિવાદીએ વાદી બેંકમાં તેની રાણાવાવ તાલુકાના ગામ **હનુમાનગઢ** મુકામે આવેલી ખેતીની જમીન **રે.સ.નં.૨૪૮** જમીન **હે.૧–૯૦–૨૩** વાળી તારણમાં રાખેલ તથા તે લોન વ્યવહાર અન્વયે પ્રતિવાદી એ વાદી બેંક જોગ ધોરણસર લોન ડોકયુમેન્ટ જેવા કે એગ્રીમેન્ટ ઓફ લોન કમ હાઈપોથીકેશન એગ્રીમેન્ટ, લેટર ઓફ અરેન્જમેન્ટ વિગેરે સાઈન કરી આપેલ છે. તે રીતે વાદીની પ્રતિવાદી પાસે લોનની **તા.૦૨/૦૩/૨૦૨૪** સુધીની રકમ **રૂા.૬,૧૧,૧૧૩/–** પૈસા બાકી લેણી રહેલ છે જે ભરપાઈ કરવા પ્રતિવાદીને એડવોકેટ મારફત તા.૦૨/૦૩/૨૦૨૪ નાં રોજ નોટીશ આપેલ જે મળેલ હોવા છતા લોનની રકમ ભરપાઈ નહીં કરતા આ દાવો દાખલ કરેલ છે.

**(૧.૨).** વાદીએ હાલનો દાવો લાવી દાદ માંગેલ છે કે, **(૧).** વાદી બેંકના દાવા મુજબની તા.૦૨/૦૩/૨૦૨૪ સુધીની વ્યાજ સહિતની કુલ લેણી રકમ **રૂા.૬,૧૧,૧૧૩–૦૦ પૈસા** તથા ત્યારબાદ તા.૦૩/૦૩/૨૦૨૪ થી વાર્ષિક **૧૦.૬ ટકા** લેખે ચડત તથા વ્યાજ સહિતની તથા આ દાવાના તમામ ખર્ચ સહિતની રકમ પ્રતિવાદીની જાત તથા તમામ પ્રકારની મિલકતોથી વસુલ થઈ શકે તેવુ

પ્રતિવાદી  સામે હુકમનામુ કરી આપવા અરજ છે. **(૨).** કાયદા તથા હકીકતે મળી શકતી બીજી તમામ દાદ અગર હુકમો અપાવવા મ્હે.કરશો.

**(૨). પ્રતિવાદી તરફે જવાબ :–દિવાની કાર્યરીતી સંહિતા,૧૯૦૮ના ઓર્ડર ૦૫ રૂલ ૦૫** અન્વયે દાવાનો સમંસ પ્રતિવાદીને બજતા તેઓ તેમના વિ.વ.શ્રી સાથે હાજર થઈ **આંક–૧૧** થી જવાબ રજુ કરી જણાવેલ છે કે, વાદીના દાવાને સમય મર્યાદા નો બાધ નડે છે અને વાદીની અરજી મેન્ટેનેબલ એટ લો નથી. તેઓને ખેતીવાડી ના હેતુ માટે સરકારશ્રીના નિયમ મુજબ લોનની જરૂરીયાત હોવાની હકીકત ખરી છે પરંતુ તેઓએ તેમની ખેતીની જમીન સિકયોરીટી પેટે તારણમાં મુકી અને તે લોન અંગેના અંગ્રેજી કાગળોમાં વાદીના કથન મુજબ પ્રતિવાદીની સહીઓ લેવા માં આવેલી અને તે કાગળો અંગેની કોઈ સમજુતી આપવામાં આવેલ નહીં. તેમજ વાદી તરફથી નામ.કોર્ટમાં કોઈ મોર્ગેજ કરેલ હોય તેવો કોઈ આધાર રજુ કરેલ નથી. આ કામે વાદી તરફે **રજુ હાઈપોથીકેશન ફોર્મ, લેટર ઓફ અરેન્જમેંટ વિગેરે માં તા.૦૪/૦૭/૨૦૧૮ વંચાય છે** વાદીએ પ્રતિવાદીને કઈ તારીખે, કેટલા રૂપિયાની લોન અને કેવા હેતુ માટે કેટલા વર્ષ માટે તેમજ કેટલા વ્યાજથી આપેલી તેવી કોઈ હકીકત વાદીની દાવા અરજીમાં જણાવેલ નથી. તેમજ લોન ઉપર સળંગ વ્યાજથી કુલ કેટલા સમયમાં રકમ આપેલી તેમજ ત્યારબાદ પ્રતિવાદી તરફથી વાદી બેંકમાં લોનની રકમ કુલ કેટલા હપ્તા ભરેલ છે અને કયારથી બાકી છે તેવી કોઈ હકીકત સ્પષ્ટપણે જણાવેલ નથી.

વધુમાં, વાદીના કથન મુજબ જો વાદીએ **તા.૨૩/૦૨/૨૦૧૬** માં લોન આપેલી હોય તો વાદીએ હાલનો દાવો નામ.કોર્ટમાં દાખલ કરવા માટે જ **તા.૦૨/૦૩/૨૦૨૪** એટલે કે આશરે **૮ વર્ષ** પછી લેખિત નોટીશ આપેલ હોવાનું સ્પષ્ટ થાય છે. ખરેખર કોઈ લેણુ વસુલ કરવા માટેની સમય મર્યાદા ૩ વર્ષની રહેલી છે. નોટીશ આપવાથી દાવો સમય મર્યાદામાં આવી શકે નહીં. આમ, વાદીની દાવા

અરજીમાં સ્પષ્ટપણે સમય મર્યાદા અધિનિયમનો બાધ નડે છે તેમજ વાદીએ દાવા અરજીમાં દાવાનું કારણ સ્પષ્ટ જણાવેલ નથી અને માત્ર લેણી રકમ ઉચ્ચક રીતે જ બતાવેલ છે તે સંજોગોમાં પણ વાદીની દાવા અરજી સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર–૭, રૂલ–૧૧ લગત રીજેકટ કરવા અરજ છે. વધુમાં, વાદીએ તેની દાદમાં **તા.૦૨/૦૩/૨૦૨૪** સુધી ની રકમ ગણી લીધેલ છે જયારે ત્યારબાદ **તા.૦૪/૦૩/૨૦૨૪** થી વાર્ષિક **૧૦.૬ ટકા** વ્યાજ સહિત ચડત માંગવામાં આવેલ છે, જે અંગે કોઈ લમસમ રકમના સ્ટેમ્પ વાપરવામાં આવેલ ન હોય, તેથી વાદીનો દાવો અપુરતા કોર્ટ ફીઝ સ્ટેમ્પના કારણે પણ રદ્દ થવા યોગ્ય છે. આમ, તેઓનો વાંધા જવાબ ધ્યાને લઈ દાવો રદ કરવા નમ્ર અરજ કરેલ છે.

<u>(૩). મુદદાઓ :</u>– **દિવાની કાર્યરીતી સંહિતા,૧૯૦૮ના ઓર્ડર ૧૪ રૂલ ૦૧ તથા ૦૩** અન્વયે સદર દાવાના કામે પ્લીડીંગ, પક્ષકારોએ સોંગદ ઉપર આપેલ હકીકતો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાના આધારે ન્યાયિક નિર્ણય અર્થે **આંક –૧૨** થી નીચે મુજબ **મુદદાઓ** ઘડેલા જે મુદદા નીચે મુજબ છે.

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

(૧). શું વાદી બેંક પુરવાર કરે છે કે, તેઓએ આ કામનાં પ્રતિવાદીને કિશાન ક્રેડીટ યોજના હેઠળ લોનની માંગણી કરતા પ્રતિવાદી ને રૂા.૩,૫૮,૮૦૦/– ની આપવામાં આવેલી ?

(૨). શું વાદી બેંક પુરવાર કરે છે કે, પ્રતિવાદી લોનના હપ્તા ભરવામાં નિષ્ફળ ગયેલા છે અને નોટીશ આપવા છતાં લોનની ભરપાઈ કરેલી નથી?

(૩). શું વાદી બેંક લોનની રકમ અન્ય ચાર્જીસ સાથે રૂા.૬,૧૧,૧૧૩/– મેળવવા હકકદાર છે ?

(૪). શું વાદી બેંક પ્રતિવાદી પાસેથી લોનની બાકી રહેતી રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા?

(૫). શું હુકમ અને હુકમનામુ ?

**(૪). મુદદા ના જવાબો :–** ઉપરોકત મુદદાના તારણો નીચે જણાવ્યા છે જેના કારણો ચુકાદામાં સવિસ્તાર જણાવેલા છે જે જવાબો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– **હકારમાં**

મુદ્દા નં.ર :– **હકારમાં**

મુદ્દા નં.૩ :– **નકારમાં**

મુદ્દા નં.૪ :– **નકારમાં**

મુદ્દા નં.પ :– **આખરી હુકમ મુજબ.**

**(પ). પુરાવો :**– વાદી તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**:: વાદી તરફે મૌખિક પુરાવો ::**

| | | |
|---|---|---|
| ૧. | આંક–૧પ | વાદી બેંકના સાહેદ અંકુર અનિલકુમાર શ્રીવાસ્તવ નું સરતપાસનું સોગંદનામુ. |

**:: વાદી તરફે દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | દસ્તાવેજોનુ વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૭ | પ્રતિવાદીના નામના ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ |
| ર. | ૧૮ | પ્રતિવાદીના નામના ગામ નમુના નં.૭–૧ર ની ખરી નકલ |
| ૩. | ૧૯ | પ્રતિવાદીએ લોન મેળવવા વાદી બેંકમાં કરેલ અરજીની ઝેરોક્ષ નકલ |
| ૪. | ર૦ | વાદી બેંક જોગ પ્રતિવાદીએ કરી આપેલ હાઈપોથીકેશનની ઝેરોક્ષ નકલ |
| પ. | ર૧ | વાદી બેંક જોગ પ્રતિવાદીએ કરી આપેલ લેટર ઓફ એરેજમેન્ટની ઝેરોક્ષ નકલ |

| | | |
|---|---|---|
| ૬. | ૨૨ | પ્રતિવાદીનું લેઝર એકાઉન્ટ સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલ |
| ૭. | ૨૩ | વાદીએ પ્રતિવાદીને કરેલ નોટીશની ઝેરોક્ષ નકલ |
| ૮. | ૨૪ | ઉકત નોટીશની એકનોલેજમેન્ટ રીસીપ્ટ |
| ૯. | ૨૫ | આથોરીટી લેટરની ઝેરોક્ષ નકલ |
| ૧૦. | ૨૬ | રીવાઈલ લેટરની નકલ |
| ૧૧. | ૨૭ | પાક ધીરાણ નવા જુનુ કરવા બાબતેની નોટીશ |
| ૧૨. | ૨૮ | પાક ધીરાણ નવા જુનુ કરવા બાબતેની નોટીશ |
| ૧૩. | ૨૯ | મુદૃત વિતી લોનના નાણા ચુકવવા બાબતેની નોટીશ |

વાદી તરફે **આંક–૩૦** થી વધુ પુરાવો આપવો નથી તે અંગેની પુરાવા બંધ ની પુરશીશ આપેલ છે. ત્યારબાદ પ્રતિવાદી તરફે **આંક–૩૨** થી વધુ પુરાવો આપવો નથી તે અંગેની પુરાવા બંધ ની પુરશીશ આપેલ છે.

**(૬). દલીલ:–** આ કામે વાદી તરફે **આંક–૩૩** થી લેખિત દલીલ રજુ રાખેલ છે, જે દાવાનો ન્યાયિક નિર્ણય કરતી વખતે ધ્યાને લીધેલ છે તેમજ પ્રતિવાદી એ મોખિક દલીલ કરેલ છે કે વાદી ને લોન સને–૨૦૧૬ માં આપેલ છે અને દાવો સને–૨૦૨૫ માં દાખલ કરેલ હોવા થી આ દાવો ને સમય મર્યાદા નો બાધ નડે છે તેમજ આ કામે કેટલી રકમ બાકી હતી અને તેના કેટલા વ્યાજ સાથે રકમ ની માંગણી કરેલ છે જે જણાવેલ નથી તેથી આ દાવો માં રકમ બાકી અંગે નો કોઈ પુરાવો રજુ કરેલ નથી દાવો રદ થવા ને પાત્ર છે.

**(૭). પુરાવા ની મુલવણી તથા મુદદાઓ ના તારણો :–** આ કામે સૌપ્રથમ દાવાના કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવા માટે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ તથા ૧૦૨ ની જોગવાઈ ધ્યાને લેતા, એ હકીકત સ્પષ્ટ થાય છે કે, જે કોઈ પક્ષકાર એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી

હકીકતોની સાબિતીનો અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિષે કોઈ ન્યાયાલય ફેંસલો આપે, તો તે હકિકત તેણે સાબીત કરવી પડે કે તે હકિકતો અસ્તિત્વમાં છે અને તેવી હકિકત સાબીત કરવાનો બોજો તે વ્યકિત ઉપર રહે છે. વધુમાં, ઉપરોકત કલમ-૧૦૨ ની જોગવાઈ ઉપરથી એ હકિકત સ્પષ્ટ થાય છે કે, દાવામાંના બેમાંથી કોઈ પક્ષ તરફથી કશો પૂરાવો ન આપવામાં આવે તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેના પર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો રહે છે. વધુમાં એ હકિકત પણ સ્પષ્ટ થાય છે કે, બે માંથી કોઈ પક્ષ તરફથી કોઈ પૂરાવો આપવામાં ન આવે તો દાવામાંના બન્ને પક્ષકારો તેમના પ્લીડીંગ્સ મુજબની હકિકત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલા છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **૨૦૦૭ (૩) જી.સી.ડી. ૨૧૬૫, ધાંગધ્રા મ્યુનીસીપાલીટી વિરૂધ્ધ ગણપતભાઈ જેઠાભાઈ મકવાણા**ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ "Pleadings is not evidence." આ કામે સદર હકીકતો, રજુ પુરાવાઓ તથા બંને પક્ષનાં વિ. વકીલશ્રી ની દલીલો લક્ષમાં લેતાં આ કામે હાલનાં દાવાનાં નિર્ણય અર્થે ઉપસ્થિત કારણોની નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલી છે.

## : દાવાના નિર્ણય અંગેના કા ર ણો :

**(૮). મુદદા નં.૦૧ થી ૨.** મુદા નંબર-૦૧ ની ચર્ચા કરીયે તો તેમા વાદી એ એવુ પુરવાર કરવાનુ છે કે **(૧).** તેઓએ આ કામનાં પ્રતિવાદીને કિશાન ક્રેડીટ યોજના હેઠળ લોનની માંગણી કરતા પ્રતિવાદી ને રૂા.૩,૫૮,૮૦૦/- ની આપવામાં આવેલી ? **(૨).** પ્રતિવાદી લોનના હપ્તા ભરવામાં નિષ્ફળ ગયેલા છે અને નોટીશ આપવા છતાં લોનની ભરપાઈ કરેલી નથી ? આમ, આ મુદાઓ ની રચના અને તેનો પ્રકાર જોતા આ મુદદો પુરવાર કરવાનો બોજો વાદીના માથે રહેલો છે. વાદી

તરફે રજુ થયેલ પુરાવા ચકાસીયે તો **વાદી શ્રી અંકુર અનિલકુમાર શ્રીવાસ્તવ** એ **આંક–૧૫** થી સરતપાસ માં જણાવેલ છે કે પ્રતિવાદી ના જવાબમાં જણાવેલ તમામ હકીકત ખરી નથી તેમજ વાદી ને લોન આપેલ હતુ અને આ દાવો કોન્ટ્રાકટ એકટ હેઠળ ચાલવા પાત્ર છે તેમજ પ્રતિવાદી ને અંગ્રેજી ભાષા ના લખાણ ની પુરેપુરી સમજ આપેલ હતી, ત્યારબાદ નિયત સમય માં નોટીસ આપેલ હતી અને સને–૨૦૨૫ માં દાવો દાખલ કરેલ હતો.

વાદી એ **ઉલટ તપાસ માં એ હકીકત સ્વીકારેલ છે કે** " આ કામના પ્રતિવાદીને કે.સી.સી. લોન તા.૨૩/૦૨/૨૦૧૬ નાં રોજ રૂા.૪,૭૨,૮૦૦/– ની લોન આપેલી. અમોએ દાવા અરજીના પેરા નં.ર માં રૂા.૩,૫૮,૮૦૦/– ની લોન આપેલાની હકીકત જણાવેલ છે. અમારી બેંક તરફથી પ્રતિવાદીને પ્રથમ નોટીશ તા.૦૨/૦૩/૨૦૨૪ નાં રોજ આપવામાં આવેલી." આમ સદર પુરાવો તથા પ્રતિવાદી ને આપેલ લોન ની રકમ અને લોન ખાતા ની હકીકત સ્વીકૃત હકીકત હોવા થી મુદદા નં.૧ થી ર નો સંયુકત જવાબ **હકાર માં** આપવામાં આવે છે.

**(૯). મુદદા નં.૦૩ તથા ૦૪.** આ મુદદાઓ ની ચર્ચા કરીયે તો તેમા વાદી એ એવુ પુરવાર કરવાનુ છે કે **શું વાદી પુરવાર કરે છે કે, (૩) શું વાદી બેંક લોનની રકમ અન્ય ચાર્જીસ સાથે રૂા.૬,૧૧,૧૧૩/– મેળવવા હકકદાર છે ? (૪). શું વાદી બેંક પ્રતિવાદી પાસેથી લોનની બાકી રહેતી રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલા ટકા ?** આમ આ મુદાઓ ની રચના અને તેનો પ્રકાર જોતા આ મુદદો પુરવાર કરવાનો બોજો વાદીના માથે રહેલો છે. વાદી તરફે રજુ થયેલ પુરાવા ચકાસીયે તો **વાદી શ્રી અંકુર અનિલકુમાર શ્રીવાસ્તવ** એ **આંક–૧૫** થી સરતપાસ ના સોગંદનામા માં વાદી એ પ્રતિવાદીએ આપેલ **આંક–૧૧** થી રજુ જવાબ નો વિગતવાર ડીનાઈલ લીધેલ છે પરંતુ દાવા અરજી માં જણાવ્યા મુજબ ની કોઈ

હકીકત જેમ કે પ્રતિવાદી ને કેટલા રકમ ની લોન આપેલ, શું લોન ના ખાતા નંબર હતા તેમજ લેજર એકાઉન્ટ મુજબ કુલ કેટલી રકમ બાકી હતી અને તે લગત ખાતુ એન.પી.એ. થયા બાદ કેટલા ટકા ના વ્યાજ દર સાથે કુલ રકમ ડીફોલ્ટ લોન ખાતા ની લેવા ની પ્રતિવાદી પાસે બાકી છે તે હકીકત અંગે કોઈ જ પુરાવો સોગંદનામા માં જણાવેલ નથી.

વાદી એ **ઉલટતપાસ માં એ હકીકત સ્વીકારેલ છે કે,** " આ કામમાં માર્ક–૪/૧ થી ૪/૮ સુધીના જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે ઝેરોક્ષ નકલ છે જે પ્રમાણીત નકલ રજુ નથી. પ્રતિવાદીને કે.સી.સી. લોન તા.૨૩/૦૨/૨૦૧૬ નાં રોજ રૂા.૪,૭૨,૮૦૦/– ની લોન આપેલી. અમોએ દાવા અરજીના પેરા નં.૨ માં રૂા.૩,૫૮,૮૦૦/– ની લોન આપેલાની હકીકત જણાવેલ છે. આ કામમાં અમોએ માર્ક–૪/૩ થી રજુ કરેલ દસ્તાવેજ જોઈને કહું છું કે, તેમાં લોન એરેજન્મેન્ટ લેટર માં તા.૦૪/૦૭/૨૦૧૮ લખેલી છે. અમારી બેંકમાં હાઈપોથીકેશનનું પ્રિસ્ક્રાઈબ ફોર્મ હોય છે અને આ ફોર્મ અંગ્રેજી લીપીમાં હોય તેમા પાર્ટીની સહી લેવામાં આવે. મે રજુ કરેલ નિ.૪/૧ થી હાઈપોથીકેશનમાં તા.૦૪/૦૭/૨૦૧૮ લખેલ છે. નિ.૪/૫ થી લેટર ઓફ એરેજમેન્ટ તેમાં તા.૨૩/૦૨/૨૦૧૬ લખેલી નથી. અમારી બેંક તરફથી પ્રતિવાદીને પ્રથમ નોટીશ તા.૦૨/૦૩/૨૦૨૪ નાં રોજ આપવામાં આવેલી. પ્રતિવાદીને કઈ તારીખે, કેટલા રૂપિયાની તથા કેટલા ટકાના વ્યાજદરે લોન આપવામાં આવેલ તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તેજ રીતે આંક–૨૩ થી રજુ પ્રતિવાદીને આપેલ નોટીશમાં તથા દાવા અરજીમાં તથા પુરાવાના સોગંદનામા માં પ્રતિવાદીને કેટલા ટકાની વ્યાજ પર તથા કેટલા મુદ્દત માટે લોન આપેલી તે હકીકત જણાવેલ નથી. જયારે કોઈ પણ લોનનું ડીફોલ્ટર થાય તો તેની રીકવરીની રકમ મેળવવા માટે ૩ વર્ષમાં દાવો દાખલ કરવો પડે છે. હાલનો દાવો મે તા.૧૨/૦૬/૨૦૨૫ નાં રોજ દાખલ કરેલ છે. પ્રતિવાદીનું લોન

ખાતુ તા.૨૫/૦૮/૨૦૨૧ સુધી રેગ્યુલર જમા થયેલ હતા તેના ત્રણ વર્ષ પછી તે કે.સી.સી. ખાતુ ડીફોલ્ટ ગણાય. પુરાવાનું સોગંદનામા માં દાવા અરજીની હકીકતો જણાવેલ નથી.

**(૯.૧).** આ કામે વાદી ની ઉલટ તપાસ વંચાણે લેતા તેઓ એ સ્વીકારેલ છે કે દાવા અરજી માં જણાવેલ હકીકત પુરાવા ના સોગદનામા માં જણાવેલ નથી. આમ સીવીલ દાવા માં કોઈ પણ વ્યકિત તેઓ ની હકીકતો દાવા અરજી ને અનુરૂપી ને પુરવાર કરવાની હોય છે પરંતુ આ વાદી બેંક એ દાવા અરજી ની કોઈ હકીકતો પુરાવા ના સોગંદનામા માં જણાવેલ નથી. પ્રતિવાદી એ આ કામે નામદાર વડી અદાલત ના ચુકદા પર આધાર રાખેલ છે કે **Pari Kantilal Lalbhai vs Devchand Nathalal Patel, (1966) 7 GLR 1123.** Hon'ble High Court of Gujarat has held that;

2. The contention that admissions made by the respondent in his pleadings and in his evidence at the hearing are a result of an error cannot be entertained, because when a party to a civil suit makes an admission in the pleadings or in his evidence at the hearing of the suit, those admissions are conclusive. Such admissions have to be distinguished from the admissions made prior to the suit and which are given as evidence at the hearing of the suit. Admissions made in the pleadings and in the evidence of the party at the hearing of the suit are conclusive and cannot be challenged.

4. The transaction alleged is admitted by the defendant in full. Therefore, there must be a decree in full in favour of the plaintiff. The Courts below erred in considering what may be called irrelevant matters and not decreeing the plaintiff suit upon the admission made by the defendent in his written statement as well as in evidence.

**Sait Tarajee Khimchand And Ors. vs Yelamarti Satyam Alias Satteyya And Ors., AIR1971SC1865.** Hon'ble Apex Court held that;

It was said on behalf of the plaintiffs that this letter indicated that the amount due to the plaintiffs from the defendants was Rs.25245/-and secondly that the defendants had paid Rs. 8100/-towards the mortgage bond of Rs. 17500/-This letter is again not inter-parties because the firm of Seth Harakchand Surajmal is a different firm, from that of the plaintiffs. Secondly this letter Exhibit A-8 was also not shown to the defendants in cross-examination and therefore cannot be used against the defendants. Thirdly, any statement by a different firm has to be proved as a fact. Documents do not prove themselves. The contents of the document have to be proved The controversy in the present case is whether the plaintiff firm has given the defendants credit for Rs. 19000/-. The answer to that question would decide the truth or falsity of the statement provided also the statement were shown to the defendants.

26. The fourth document on which the appellants relied is Exhibit A-41 being a copy of the written statement of Harakchand Surajmal in suit No. 105 of 1954. Written statement is dated 7 August, 1954. Defendant No. 1 was the plaintiff in that suit and Seth Harakchand Surajmal was the defendant. This document was relied on by the plaintiffs for the statement made there that a sum of Rs. 25145/-was owed by the defendant No. 1 to Seth Harakchand Surajmal. Seth Harakchand Surajmal is a different firm.

આમ, નામદાર વડી અદાલત ના પ્રસ્થાપિત સિધાંતો મુજબ વાદી બેંક ને પ્રતિવાદી પાસે થી કેટલી લોન ની બાકી રકમ લેવા ની છે તે હકીકત ને યોગ્ય તથા આધારભુત પુરાવા થી પુરવાર કરેલ નથી તેઓ એ આ દાવા અરજી તથા પુરાવા ના સોગંદનામાં માં જુદી જુદી હકીકતો જણાવેલ છે. વધુમાં વાદી ના પુરાવા મુજબ પ્રતિવાદી ને તા.૨૩/૦૨/૨૦૧૬ ના રોજ **રૂા.૩,૫૮,૮૦૦/-** ની લોન આપેલ હતી પરંતુ લોન ની અરજી, હાઈપોથીકેશન અરજી તથા લેટર ઓફ અરેન્જમેંટ ની તા.૦૪/૦૭/૨૦૧૮ ના રોજ કરેલ છે તેમા સહીઓ પણ તે દિવસ ની છે તો વાદી બેંક એ પ્રતિવાદી ને તા.૨૩/૦૨/૨૦૧૬ ના રોજ આપેલ લોન ની હકીકત અંગે નો

આ રજુ પુરાવો જણાઈ આવતો નથી. આમ વાદી એ પ્રતિવાદી ને તા.૨૩/૦૨/૨૦૧૬ ના રોજ **રૂા.૩,૫૮,૮૦૦/–** ની લોન આપેલ હોવા ની તથા તેમના લોન ની બાકી રકમ વ્યાજ સાથે **રૂા.૬,૧૧,૧૧૩/–ની** હકીકત ને માનવે ને કોઈ કારણ જણાતુ નથી.

**(૯.૨).** વધુમાં વાદી ની આંક–૧૫ ની ઉલટ તપાસ મુજબ લોન **સને–૨૦૧૬** માં આપેલ છે અને નાણાં ચુકવવા ની નોટીસ તા.૦૨/૦૩/૨૪ ના રોજ આપેલ છે તેમજ લોન ખાતુ તા.૨૫/૦૮/૨૦૨૧ પછી ના ત્રણ વરસ પછી લોન ખાતુ ડીફોલ્ટ ગણાય છે. આમ લોન ખાતુ તા.૨૫/૮/૨૦૨૪ ના રોજ પછી થી ડીફોલ્ટ હતુ પરંતુ પ્રથમ નોટીસ તા.૦૨/૦૩/૨૪ ના રોજ આપેલ હતી તેથી આ દાવો આશરે ૧૧ માસ ના ડીલે થી દાખલ કરેલ છે તે અંગે નો કોઈ ખુલાસો દાવા અરજી કે પુરાવા ના સોગંદનામા માં કરેલ નથી.

આમ દાવો સમય મર્યાદા પછી દાખલ કરેલ છે તે લગત ની હકીકત સમજવા માટે નામદાર વડી અદાલત ના ચુકાદા વંચાણે લેવા જરૂરી છે જે નીચે મુજબ છે.

In the case of ***Popat Bahiru Govardhane v. Land Acquisition Officer*, *2013 (0) AIJEL-SC 54365.*** it was held by the Apex Court that;

**13.** It is a settled legal proposition that law of limitation may harshly affect a particular party but it has to be applied with all its rigour when the statute so prescribes. The Court has no power to extend the period of limitation on equitable grounds. The statutory provision may cause hardship or inconvenience to a particular party but the Court has no choice but to enforce it giving full effect to the same. The legal maxim "dura lex sed lex" which means "the law is hard but it is the law", stands attracted in such a situation. It has consistently been held that, "inconvenience is not" a decisive factor to be considered while interpreting a statute. "A result flowing from a statutory provision is never an evil. A Court has no power to ignore that provision to relieve what it considers a distress resulting

from its operation."

(See : The Martin Burn Ltd. V/s. The Corporation of Calcutta, AIR 1966 SC 529; and Rohitas Kumar & Ors. V/s. Om Prakash Sharma & Ors., AIR 2013 SC 30)

In view of the above, we are of the candid view that none of the submissions advanced on behalf of the appellants is tenable.

**14.** As the matters are squarely covered by the above referred to judgments, these appeals are devoid of any merit. The cases do not warrant any interference. The appeals are, accordingly, dismissed.

***State of Nagaland v. Lipok Ao & Ors. AIR 2005 SC 2191, Hon'ble Apex Court held that;*** *"* the Government decision is not a decision of an individual and the ultimate analysis is whether public interest would suffer. Proof of sufficient cause is condition precedent for the exercise of extraordinary restriction vested in the court. Length of delay in filing the appeal or revision is not material but the sufficiency of cause and shortness of delay is one of the circumstances which will be taken into account. The expression of sufficient cause is adequately elastic. 'Sufficient Cause' must receive a liberal construction so as to advance substantial justice and generally delays preferring appeals are required to condone."

આ કામે નામદાર વડી અદાલત ના **પોપટ ભેરૂ ગોરધને વિરૂઘ જમીન અધિગ્રહણ અધિકારી તથા ન્યુ ઈન્ડીયા એશ્યોરેંશ કંપની લીમીટેડ વિરૂઘ શ્રીમતિ શાંતિ મિશ્રા ના ચુકાદા માં** ઠરાવ્યા મુજબ આ કામે વાદી દાવા અરજી માં કે પુરાવા ના સોગંદનામાં ડીલે અંગે યોગ્ય કે પુરતા કારણ જણાવેલ નથી કે અગાઉ આ દાવો દાખલ કરતા પહેલા ડીલે માફ કરાવેલ નથી તેમજ કોર્ટ ને કોઈ પણ કેસ માં સમય મર્યાદા માફ કરવાની સત્તા રહેતી નથી કારણ કે તેથી સમાવાળા મુશ્કેલી માં મુકાય શકે તેમ છે તેથી આ દાવા ને સમય મર્યાદા નો બાધ નડે છે.

**(૯.૩).** વધુ માં લોન ની રકમ પર વ્યાજ તથા પેનેલ્ટી ની ગણતરી કઈ રીતે કરેલ તે હકીકત અંગે નો કોઈ જ પુરાવો જેમ કે લેજર એકાઉન્ટ કે વ્યાજ તથા પેનેલ્ટી ની રકમની ગણતરીનો હિસાબ કે નિયમ રજુ કરેલ નથી કે જેના થી એ હકીકત માની શકાય કે વાદી બેંક ને પ્રતિવાદી પાસે થી લોન ની બાકી રકમ **રૂા.૬,૧૧,૧૧૩/–** વસુલ મેળવવા માટે હકકદાર ઠરાવી શકાય. આ કામે વાદી બેંક પ્રતિવાદી પાસે થી લોન ની બાકી રકમ **રૂા.૬,૧૧,૧૧૩/–** વસુલ મેળવવા માટે હકદાર બનતા ન હોય તેથી આ રકમ પર કોઈ પણ વ્યાજ મેળવવા હકદાર બનતા નથી તેવું આ અદાલત નું માનવું છે તેથી મુદદા નં.૩ તથા ૪ નો સંયુકત જવાબ **નકાર માં** આપવામાં આવે છે.

**(૧૦). મુદદા નં.૫.** આ મુદા ની ચર્ચા કરીયે તો **શું હુકમ અને હુકમનામું ?** આ કામે વાદી એ મુદદા નં.૧ થી ૨ નો જવાબ **હકારમાં** તથા મુદા નં.૩ તથા ૪ નો જવાબ **નકારમાં** પુરવાર કરેલ છે તેથી આ કામના વાદી આ દાવા અરજી માં માંગ્યા મુજબ ની કોઈ પણ દાદ મેળવવા હકકદાર બનતા ન હોવા થી **મુદદા નં.૦૫** લગત ન્યાય ના હિત માં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧). વાદી ની દાવા અરજી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). દાવાનો ખર્ચ પક્ષકારો એ જાતે ભોગવવું.

હુકમ આજરોજ **તા.૧૦મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬** ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

NARAYAN LAL SHARMA

Digitally signed by NARAYAN LAL SHARMA
Date: 2026.04.10 17:39:42 +0530

**તા. ૧૦/૦૪/૨૦૨૬.** **(નારાયણલાલ શર્મા)**

**સ્થળ :–રાણાવાવ.** **પ્રિન્સીપાલ સીવીલ જજ, રાણાવાવ.**

**UIC NO. GJ01439.**